# 4.0 મહિલા સંબંધિત સમસ્યાઓ

ડૉ.જગદીશભાઈ આર મહિડા

- ૨૧ મી સદી જ્ઞાન અને ટેક્નોલૉજીની છે. દ્વારા સમાનતા આંક તૈયાર કરવામાં આવે છે.
- આ સમાનતા આંકનું મૂલ્ય ૦ હોય તો સ્ત્રી પુરુષ સમાનતાની સ્થિતિ સારી જણાવે છે.
- ૨૦૧૧ માં ભારતનો સ્ત્રી પુરુષ સમાનતા આંક ૦.૬૨ હતો. જે વધારે અસમાનતા સૂચવે છે.
- વિકસીત દેશોમાં સ્વીડન(૦.૦૪ ) નેધરલૅન્ડ બીજો (૦.૦૫) અનુ ત્રીજા ક્રમે ડૅન્માર્ક(૦.૦૬)
- ૨૦૧૧ના સમયગાળામાં બળાત્કારના ૪૨૯૬૮ કેસો નોંધાયા છે. (અમેરિકા, દક્ષિણ આફ્રિકા અને ભારત)
- એક બાજુ ભાતીય સંસ્કૃતિમાં નારીની પૂંજાની વાત કરવામાં આવી છે જ્યારે બીજી બાજુ વીપરિત અસર જોવા મળે છે.
- ભારતીય સમાજમાં સ્ત્રી ભ્રુણહત્યા, અસમાન જન્મદર, ઓનર કિલિંગ, દહેજ, બાળલગ્ન,ઘરેલું હિંસા,જાતીય સતામણી,જાતીય હિંસા,સાયબર ગુનાઓ, મિલકતના ગુનાઓ જેવી સમસ્યાઓ જોવા મળે છે.
- સ્ત્રી ભ્રુણહત્યા: જન્મતા પહેલાં ગર્ભમાં કરવામાં આવતી હત્યા. વર્તમાન સમયની ગંભીર સમસ્યા છે. જુના કારણે સામાજિક સંતુલન બગડી રહ્યું છે.
- આજે ૧૦૦૦ છોકરાઓએ ૧૨૨ છોકરીઓની અછત છે.
- પરિણામે, સમાજમાં યુવકોના લગ્ન થતા નથી. છોકરીઓનું મહત્ત્વ ઓછું. છોકરીઓને હલકી ગણવામાં આવે, માતા પિતા તેના અસ્તિત્વને બોજમાને, તેમના રક્ષણ અને શિક્ષણ, લગ્નને તકલીફ માને
- કારણઃ પુત્ર પ્રાપ્તિની ઘેલછા, પુત્ર જન્મનું મહત્ત્વ, વુશ વારસો આગળ વધારવા, પુત્ર વુદ્ધાવસ્થાનો આધાર,ધાર્મિક કારણ,પુત્ર જ અગ્નિ સંસ્કાર આપે, પિંડદાન આપે.
- તમામ કારણોસર ત્રી ભ્રુણ હત્યા થતી હોય છે. આ માટુ ૧ જાન્યુ.૧૯૯૬ માં પીએનડીટી ( પ્રી નેટલ ડાયગ્નો સ્ટિક ટેકનિક) મૂકાયો. ત્યારબાદ ૨૦૦૨ માં તેમાં સુધારો કરવામાં આવ્યો. છતાં લોકોને તનો ડર નથી.
- ઓનર કિલિંગઃ સ્ત્રીને માલિકીની ચીજ બનાવવાની માનસિકતા
- સમાજમાં એક માન્યતાઃ છોકરા અને છોકરીને તેમની ઈચ્છા વિરુદ્ધ લગ્ન કરવાનો હક્ક નથી. માટે બદલો લેવા કે પાઠ શીખવવા માટે તેમની હત્યા કરવામાં આવે છે.
- કિલિંગ એટલે હત્યા અને ઓનર એટલે આબરુ ( આબરૂ કે પ્રતિષ્ઠા બચાવવા માટે કરવામાં આવતી હત્યા )ઉત્તરપ્રદેશ , પંજાબ અને હરિયાણામાં વધારે પ્રમાણ છે.
- દહેજઃ સમાજ માટે કલંક રૂપ છે. તેના કારણે મહિલાઓ પર અકલ્પનીય અત્યાચારો અને ગુનાઓ થતા આવ્યા છે.

⇨ તેના કારણે મહિલાઓની જાન લીધી છે. ગરીબ વર્ગની મહિલાઓ આ જાળમાં વધુ જકડાય છે.

⇨ આના કારણે જવાબદારીઓ સહન કરવી, દબાણ સહન કરવું પડે છે.

⇨ આ માટે ગરીબ સમાજના લોકો પોતાની દીકરીઓને કામ પર મોકલે છે. જેથી દહેજ માટે ઉપયોગી બને છે.

⇨ આ પ્રથાને નાબુદ કરવા માટે ઈ.સ.૧૯૬૧થી કાયદા હેઠળ દહેજ આપવું કે લેવું એ ગુનો ગણાય છે.

⇨ ફોજદારી કલમ ૧૭૪ અન્વયે કોઈપણ સ્ત્રીનો લગ્નગાળા ૭ વર્ષનો હોય અને તેવા સમયમાં તેનું અપમૃત્યુ થાય તેવા સંજોગોમાં તેની તપાસ થવી જોઈએ.

⇨ ગુજરાતમાં આવા કેસમાં સમયગાળા ૧૦ વર્ષનો છે. અથવા તો તે સ્ત્રી ૩૦ વર્ષથી નાની ઉંમરની હોય. તેની તપાસ પોલીસ અધિક્ષક કક્ષાની વ્યક્તિ કરે છે. મરનાર સ્ત્રીનું પોસ્ટમોટમ બે ડોક્ટરોની પેનલથી, અને તેની જાણ મહિલા સુરક્ષા સમિતિને કરવાની હોય.

⇨ બાળલગ્નઃ કાયદાકીય રીતે ૧૮ વર્ષ.( દીકરીનું જલદી ગોઠવાઈ જાય, ભણાવવાનો ખર્ચ બચે,સારો છોકરો કે સારું સાસરુ મળે તેવી માન્યતા.

⇨ ગ્રામીણ વિસ્તારમાં તેનું પ્રમાણ વધુ( તેનાથી બાળ વિધવા, છૂટાછેડા, કજોડા,ઈ.સ.૧૮૬૦માં બાળ વિવાહને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યા.

⇨ આ માટે સગીરવયના છોકરા છોકરીના લગ્ન કરતાને ૧૫ દિવસની કેદ એ એક હજાર રૂપિયા દંડ કરવામાં આવતો. ૨૦૦૭ના કાયદાઅનુસાર તેનું ઉલ્લંઘન કરનારને ૨ વર્ષની સજા અને એક લાખ રૂપિયા દંડની જોગવાઈ છે.

જાતીય સતામણીઃ સ્ત્રીની ઈચ્છા વિરુદ્ધ કરવામાં આવતું વર્તન, કૃત્ય, સ્પર્શ કે સંવાદ જેનાથી તેનો માનભંગ જ નહીં તેનું શોષણ કરે છે.

એટલે...... શારીરિક સ્પર્શ કરવો, સ્પર્શ કરવા કોશિષ કરવી,જાતીય સંબંધ બાંધવા માગણી કરવી, દબાણ કરવું, જાતીય અર્થવાળી ટીકા કરવી,અશ્લીલ ચિત્રો દર્શાવવા, શબ્દો દ્વારા, ઈશારા દ્વારા અનિચ્છનીય વ્યવહાર

તેના કારણે અભ્યાસ કે નોકરી છોડી દે છે. અથવા તો ચૂપચાપ સહન કરે છે.આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાને કરેલ અભ્યાસ અનુસાર ૬૦ ટકા સ્ત્રીઓ જાતીય સતામણી સહન કરે છે. અને ૧૦ ટકા નોકરી છોડી દે છે. ઉપલા વર્ગના અધિકારીઓ, વગદાર માણસો, ઠેકેદારો,સ્ત્રીની એકલતા અને મજબૂરીનો લાભ લેતા હોય છે. શૈક્ષણિક સંસ્થાઓ પણ તનાથી પર થી. આ માટે ઈ.સ.૧૯૯૮ માં બિલ પસાર કરીને તેની સામે કાર્યવાહી કરવાની જોગવાઈ કરવામાં આવી છે.